ગાંધીનગર સમાચાર
તા. ૭-૨-૨૦૧૫, શનિવાર

## તંત્રી સ્થાનેથી....

### હાથનાં કર્યા હૈયે વાગે છે

બિહારના રાજકારણમાં અવનવા ઉતાર ચઢાવ આવતા રહ્યા છે. આખા દેશમાં નરેન્દ્ર મોદીના નામનો ડંકો વાગતો હતો ત્યારે લગભગ એમની જ ઉંમરના અને એમની જેવ દાઢી રાખનારા બિહારી નેતા નીતીશકુમાર એમની સામે પડકાર બનીને ઊભા હતા. જદ(યુ) અગાઉ એનડીઓનો ભાજપ પછી સૌથી મહત્ત્વનો ઘટક પક્ષ હતો. પરંતુ મોદીની વધતી વગ સામે નીતીશ કુમારે બળવો પોકાર્યો અને એનડીએ સાથેનું ગઠબંધન તોડી બિહારમાં એમની સત્તર વર્ષની સહયોગી ભારતીય જનતા પાર્ટી સામે શિંગડા ભરાવી દીધા હતા, તે ઇતિહાસ હવે જૂનો થઇ ગયો છે. બિહારમાં આગામી વર્ષે આવનારી ચૂંટણી નીતીશકુમારના જ નેતૃત્વ હેઠળ લડાશે, એવી શરત સાથે લોકસભાની ચૂંટણીમાં ધોબીપછાડ ખાનારા મુખ્યમંત્રી નીતીશકુમાર અને એમની પાર્ટીએ 'મહાદલિત કાર્ડ' ઊતરવાનો પ્રયાસ કર્યો હતો. વર્તમાન મુખ્યમંત્રી જીતનરામ બિહારમાં ઉંદર પકડીને ગુજરાન ચલાવતી અતિ દલિત મૂસહર જાતિના છે. નીતીશ સરકારમાં સમાજકલ્યાણ મંત્રી તરીકે કાર્યરત જીતનરામને નીતીશકુમારે વફાદાર સાથી ગણીને વખત પૂરતી મુખ્યમંત્રીની ખુરશી સોંપી હતી. બધા જાણતા હતા કે આ ગરીબ વર્ગને ભાજપ તરફ વળતો અટકાવવાની ચાલ હતી. જીતનરામ ઝાઝું ભણેલા પણ નથી અને મુખ્યમંત્રી પદ મળ્યા પછી એમણે જે અટપટાં - આડાંઅવળાં વિધાનો અને નિવેદનોની ઠોકંઠોક કર્યે રાખી છે એથી એ લોકનજરમાં હાસ્યાસ્પદ બનવા ઉપરાંત વહીવટમાં પણ ઊણા જ ઊતર્યા છે. એમના જ મંત્રીઓ અને ધારાસભ્યો એમને વેળાસર હટાવવા મેદાને પડ્યા હોઇ જદ(યુ)ની નેતાગીરીને એમને હટાવવાનો આકરો નિર્ણય લેવો પડ્યો છે. પરંતુ હવે જીતનરામને ખુરશીની માયા વળગી છે. તેથી એમને રાજીનામું આપવાની ધરાર ના ભી દીધી છે. બિહારમાં આગામી ચૂંટણીમાં સત્તા કબજે કરવા કૃતસંકલ્પ ભાજપ માટે આનાથી વધુ ઊજળી તક બીજી કઇ હોઇ શકે? બલકે જીતનરામને ચડાવવાની એકે તક ભાજપના બિહારી નેતાઓ છોડતા નથી. રામવિલાસ પાસવાન પોતે દલિત નેતા છે. એમણે જીતનરામને કોઇ પણ સંજોગોમાં મુખ્યમંત્રીપદેથી હટાવવા દઇશું નહીં એવો ખોંખારો ખાધો છે તો વળી સાધ્વી ઉમા ભારતીએ માંઝીને 'દલિતોના મસીહા' કહી બિરદાવ્યા છે. પૂરી શક્યતા છે કે માંઝી ભાજપની રાજકીય ચાલનો શિકાર બની જાય અને એમના જૂના નેતા - નીતીશકુમાર સાથે છેડો ફાડીને ભાજપનું શરણું સ્વીકારી ખુરશી બચાવી લે. હવે જ્યારે બિહારની આગામી ચૂંટણીઓ નીતીશ-લાલુના નવા ગઠબંધન માટે પ્રતિષ્ઠાનો જંગ બની રહેનાર છે ત્યારે જીતનરામ માંઝી આડા ફાટે, તે ગરીબોની વોંટબેક અંકે કરવા માગતા મહારથીઓ માટે મુસીબત ઊભી કરે તેવી શક્યતા નકારી શકાય નહીં. નીતીશ કુમાર કરવા ગયા કંસાર પણ થૂલી થઇ ગઇ! હાથમાં કર્યા હૈયે વાગે - એ મુજબ એમણે જ ઉંદરમાંથી વાઘ બનાવેલા જીતનરામ હવે એમને ભારે પડી રહ્યા છે. ભાજપના દિલ્હી બેઠેલા નેતાઓ નીતીશકુમાર અને લાલુપ્રસાદ યાદવને કદ મુજબ વેતરી નાખવાની વેતરણમાં પડ્યા છે ત્યારે નીતીશકુમારે પોતાના ઉજળા ભવિષ્ય ખાતર ઊતરેલું મહાદલિત કાર્ડ એમને બૂમરેંગ થાય એવા સંજોગો સરજાયા છે. જીતનરામ માટે તો દયારામની જાણીતી પંક્તિઓ જ પૂરતી થઇ રહેશે :

ઉત્તમ વસ્તુ અધિકાર વિના મળે તદપિ અર્થ નવ સરે;
મત્સ્યભોગી બગલો મુક્તાફળ દેખી ચંચુ નવ ભરે!

જીતનરામને ભારતીય જનતા પાર્ટીઓ હાથો બનતા અટકાવી શકે એવું પણ કોઇ વ્યક્તિત્વ જદ(યુ) અને લાલુ-રાબડીની રાજદના સમન્વયથી નવું રાજકીય પરિબળ રચાય એ પહેલાં જ જદ(યુ)માં જીતનરામ માંઝી ભાગલા પડાવે એવી તરકીબ અજમાવી રહેલ ભાજપની નેતાગીરીને પણ બિહારની પ્રજા ઓળખી તો ગઇ જ છે!

### નાથીબા કોલેજનું ગૌરવ

ગાંધીનગર, તા.૫

૨૬મી જાન્યુઆરી પ્રજાસત્તાક દિવસે દિલ્હી ખાતે અમેરિકન પ્રમુખ ઓબામાની



હાજરીમાં પ્રજાસત્તાક પર્વની ધામધૂમ પૂર્વક ઉજવણી કરવામાં આવી હતી. રાજપથ પર યોજાયેલ રાષ્ટ્રીય કક્ષાની પરેડમાં ગાંધીનગર સ્થિત નાથીબા કોમર્સ કોલેજની એન.એસ.એસ. યુનિટની કુ. માનસી મેદપરાએ ભાગ લઈ નગરનું ગૌરવ વધાર્યું હતું. ત્યારે માનસીને કોલેજ પરિવારે અને એન.એસ.એસ. યુનિટના ઈન્ચાર્જ પ્રા. ભારતીબેન દલવાડીએ અભિનંદન પાઠવ્યા છે.

## ગાંધીનગરમાં પ્રથમવાર મહિલાઓ માટે વન્ડર વુમન સ્પર્ધા યોજાશે

### લાયોનેસ ક્લબ અને સુરક્ષા સેતુ દ્વારા વિશ્વ મહિલા દિવસની ઉજવણી નિમિત્તે આયોજન કરાયુ : ફોર્મ ભરવાની છેલ્લી તારીખ ૧૫ ફેબ્રુઆરી

ગાંધીનગર, તા. ૬

લાયોનેસ ક્લબ અને સુરક્ષા સેતુ ગાંધીનગર દ્વારા નગરની મહિલાઓ માટે 'વન્ડર વુમન' નો ખિતાબ આપી સન્માનિત કરવામાં આવશે.

ગાંધીનગરની જાગૃત અને જવાબદાર મહિલાઓ માટે વિશ્વ મહિલા દિવસ નિમિત્તે વન્ડર વુમન સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું છે. સ્પર્ધામાં ગાંધીનગર શહેર અને જિલ્લાની ૩૦ વર્ષથી ૬૦ વર્ષ સુધીની મહિલાઓ ભાગ લઈ શકશે. વન્ડરફુલ વુમન સ્પર્ધા બે વિભાગમાં યોજવામાં આવશે. એક વિભાગમાં ૩૦ થી ૪૫ વર્ષ અને અન્ય વિભાગમાં ૪૬ થી ૬૦ વર્ષની મહિલાઓ માટે યોજાશે.

સંસ્થાના પ્રમુખ ચંદા યાદવે જણાવ્યુ હતુ કે સ્પર્ધામાં સૌંદર્ય કે પર્સનાલીટી નહિ પરંતુ મહિલાને જવાબદારીઓ પરત્વે જાગૃત કરનાર ઘર અને સમાજ પરત્વેના યોગદાન બદલ કદર કરવામાં આવશે. સ્પર્ધાનો પ્રથમ રાઉન્ડ તા. ૨૧મી ફેબ્રુઆરી અને ફાઈનલ તા. ૭મી માર્ચે ટાઉનહોલ ગાંધીનગર ખાતે યોજાશે. સ્પર્ધામાં ભાગ લેવા માટે તા. ૧૫ ફેબ્રુઆરી સુધી રજીસ્ટ્રેશન ફોર્મ ભરવાના રહેશે.

### ચક્ષુદાન લેવાયુ

ગાંધીનગર, તા. ૬

ગાંધીનગર સેકટર-૨૨ ખાતે રહેતા મોના રાજેન્દ્રકુમાર ભટ્ટ ઉ.વ.૫૧નું તાજેતરમાં અવસાન થયું છે. સ્વર્ગસ્થના કુટુંબીજન રાજેન્દ્રકુમારની સંમતિથી જુનિયર સિટીજન કાઉન્સિલ દ્વારા ચક્ષુદાન લેવામાં આવ્યું છે. આ પ્રસંગે જુસીકાના દિલીપ દંતાણી અને રાજુ વાઘેલાએ સેવા પુરી પાડી હતી.

## સે. ૨૨ સ્વામિનારાયણ પોલીટેકનીક ખાતે નિજાનંદ-૧૫ સપ્તાહ મનાવાશે

શહેરના સેક્ટર-૨૨માં આવેલ સ્વામિનારાયણ પોલીટેકનીક ખાતે પાંચ દિવસીય વિવિધ કાર્યક્રમ યોજવામાં આવશે. પાંચ દિવસ દરમિયાન રમત, સાંસ્કૃતિક, સ્કીલ સહિતની સ્પર્ધાઓ યોજાશે.

ગુરૂકુલ ગાંધીનગર સંચાલિત શ્રી સ્વામિનારાયણ ઈન્સ્ટીટ્યુટ ઓફ ટેકનોલોજી ભાટ, અને સેક્ટર-૨૨ સ્થિત સ્વામિનારાયણ પોલીટેકનીક દ્વારા 'નિદાનંદ-૨૦૧૫' કાર્યક્રમ યોજવામાં આવશે. તા. ૯ થી ૧૩ ફેબ્રુઆરી દરમિયાન વિવિધ કાર્યક્રમો યોજાશે. જેમાં ૯મીએ ખેલ ભારત, ૧૦મીએ સ્કીલ ઈન્ડિયા, ૧૧મીએ ઈક-ઈન-ઈન્ડિયા, ૧૨મીએ ક્લીન એન્ડ ગ્રીન ઈન્ડિયા અને ૧૩મીએ યુનાઈટેડ ઈન્ડિયા કાર્યક્રમ યોજાશે.

## કેપ્ટન વિશાલ ચૌધરીનું વ્યાખ્યાન યોજાયું

ગાંધીનગર, તા.૬

શ્રી અખિલ આંજણા કેળવણી મંડળ ગાંધીનગર સંચાલિત શ્રી પી.કે. ચૌધરી મહિલા આર્ટસ કોલેજમાં કાર્યરત એન.એસ.એસ. યુનિટ દ્વારા કેપ્ટન વિશાલ ચૌધરીનું વ્યાખ્યાન યોજાયું હતું. સંસ્થાના મંત્રી માધુભાઈ ચૌધરીએ સુતરની આંટીથી કેપ્ટનનું સ્વાગત કર્યું હતું. પ્રિ. ડૉ. ઊર્મિલા ચૌધરીએ કેપ્ટન વિશાલનો પરિચય આપ્યો હતો.

કેપ્ટન વિશાલ રાજય સરકારના સિવિલ એવિયેશન વિભાગમાં કેપ્ટન તરીકે સેવા આપે છે તેમણે પાયલોટનો વ્યવસાય, શૈક્ષણિક કારકિર્દી અને ઉડાનના અનુભવ વિશે મનનીય વ્યાખ્યાન આપ્યું હતું. આ સમગ્ર કાર્યક્રમનું આયોજન ડૉ. નરેન્દ્ર પટેલે કર્યું હતું. સંચાલન કુ. તેજલ પટેલે અને આભારદર્શન ડૉ. લીના સ્વાદિયાએ કરેલ હતું. આ પ્રસંગે શ્રી પી.કે. ચૌધરી મહિલા આર્ટસ કોલેજની એન.એસ.એસ. યુનિટની સ્વયં સેવિકાઓ ખાસ ઉપસ્થિત રહી હતી.



### શ્રેષ્ઠ બાલશ્રી પુરસ્કારથી સન્માનિત

સર્જનાત્મક લેખનકલા વિભાગ દ્વારા શ્રેષ્ઠ સર્જનાત્મક લેખન માટે બાલશ્રી પુરસ્કાર એનાયત કરવામાં આવે છે. સેકટર-૨૮માં ચાલતા બાલભવનની સભ્ય કુ. પ્રિયા અગ્રવાલને શ્રેષ્ઠ કલા બદલ માનવ સંશાધન મંત્રી શ્રીમતી સ્મૃતિ ઈરાનીના હસ્તે સર્વ શ્રેષ્ઠ બાલશ્રી પુરસ્કાર એનાયત કરવામાં આવ્યો હતો. કુ. પ્રિયાએ પોતાની રમવાની ઉંમરમાં જ ૩ કાવ્ય સંગ્રહ પ્રકાશિત કર્યા છે. ગાંધીનગર બાલભવન દ્વારા પ્રિયાને અભિનંદન આપવામાં આવ્યા છે.

### હરિની દૃષ્ટિ...




જો હું તો દારૂ એટલે પીવું છું કે... મંદિરના બાપુ કહેતા હતાં કે દારૂ પીવાથી ડુક્કર જેવા થઇ જવાય... અને ડુક્કરને પોતાને સ્વાઇન ફ્લુ નથી થતું એવું વાંચ્યું હતું... !!

## શેઠ શ્રી જે.એમ. ચૌધરી ચેરિટેબલ ટ્રસ્ટ દ્વારા સ્મરણાંજલિ, શિષ્યવૃત્તિ એનાયત

ગાંધીનગર, તા.૬

શેઠ શ્રી જે.એમ. ચૌધરી ચેરિટેબલ ટ્રસ્ટ અને શ્રી અ.આં. કેળવણી મંડળ ગાંધીનગરના સંયુકત ઉપક્રમે સંસ્થાના આદ્યસ્થાપક સ્વ. શેઠ જીવણભાઈ ચૌધરીની પંદરમી પુણ્યતિથિની ઉજવણીના ભાગરૂપે સ્વ. જીવણભાઈને શ્રદ્ધાંજલિ આપવામાં આવી હતી. આ પ્રસંગે સમાજના તેજસ્વી વિદ્યાર્થીઓને શિષ્યવૃત્તિ તેમજ ધો-૧૦થી સ્નાતક કક્ષા સુધી પ્રથમ એક થી ત્રણ આવનાર તથા રમતગમત ક્ષેત્રે રાજય, રાષ્ટ્રિય અને આંતર રાષ્ટ્રીય કક્ષાએ શ્રેષ્ઠ દેખાવ કરનાર તેજસ્વી વિદ્યાર્થીઓને સન્માનપત્ર તથા પ્રોત્સાહિત ઈનામો એનાયત કરાયા આ પ્રસંગે અધ્યક્ષ સ્થાને માન. નાનુભાઈ વાનાણી (રાજયકક્ષાના મંત્રી, રમત ગમત યુવા સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ, જળસંપત્તિ, પ્રાથમિક, માધ્યમિક, પ્રૌઢ શિક્ષણ) તથા ડૉ. હરિભાઈ દેસાઈ અને વ્યખ્યાનમાળા પ્રવકતા ડૉ. ટીનાબેન દોશી ખાસ હાજર રહ્યા હતા તેમજ સ્વ. શેઠશ્રી જીવણભાઈ ચૌધરીના ધર્મપત્ની હેમલતાબેન ચૌધરી, ટ્રસ્ટના પ્રમુખ હરિભાઈ ચૌધરી, કેળવણી મંડળના પ્રમુક મણિભાઈ ચૌધરી તથા મંત્રી શંકરભાઈ ચૌધરી ઉપસ્થિત રહ્યા હતા. આજના દિવસે ઈન્ડિયન રેડક્રોસ સોસાયટી દ્વારા રકતદાન કેમ્પનું આયોજન પણ કરવામાં આવ્યું હતું.

## ગાંધીનગર જિલ્લાની પ્રાથમિક શાળાઓનો જિલ્લા કક્ષાનો રમતોત્સવ ચરાડામાં સંપન્ન

ગાંધીનગર, તા.૬

જી.સી.ઈ.આર.ટી. પ્રેરિત જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન, જિલ્લા પંચાયત શિક્ષણ સમિતિ દ્વારા આયોજિત જિલ્લા કક્ષાના બાળકો તથા શિક્ષકોનો રમતોત્સવ તા. ૩જી ફેબ્રુઆરીના રોજ ચરાડા મુકામે કુમારશાળામાં યોજાયો હતો.

ચરાડા પગાર કેન્દ્રના પૂર્વ આચાર્યશ્રી લાલજીભાઈ ચૌધરીના અધ્યક્ષસ્થાને, ઉદઘાટક માણસાના ધારાસભ્ય અમિતભાઈ ચૌધરી, ગુ.રા.પ્રા.શિ. સંઘના મહામંત્રી શ્રી બળદેવભાઈ ચૌધરી, ઈન્ચાર્જ આચાર્ય શ્રી ઉર્મિલાબેન, જિલ્લા સંઘના મહામંત્રીશ્રી વિક્રમસિંહ ચાવડા, તાલુકા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી ધર્મેન્દ્રસિંહ રાઠોડ, નીરુબેન પટેલ તથા હિમાંશુભાઈ પટેલ, કેળવણી નિરીક્ષક શ્રીમતી કાન્તાબેન ખરાડી, પ્રો. રાજેન્દ્રભાઈ રાવલ, દુર્ગાબા રાઓલની ઉપસ્થિતિમાં યોજાયો હતો.

રમતોત્સવમાં ભાગ લેનાર શિક્ષકો, વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી એન.એમ. રાઠોડ, નાયબ જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી સંજયભાઈ પરમાર, વ્યાયામ મંડળના હોદ્દેદારો બી.આર.સી. સી.આર.સી.એ કરેલ હતા.

જિલ્લા રમતોત્સવમાં જિલ્લાના ૧૧ ઝોનના ૬૧૬ વિદ્યાર્થીઓ તથા ૮૮ શિક્ષકોએ ભાગ લીધો હતો. કબડ્ડી, ખોખો, દોડ, કૂદ, ગોળાફેંકમાં યશસ્વી દેખાવ કર્યો હતો. મહાદેવ દેસાઈ શારીરિક શિક્ષણ મહાવિદ્યાલયના અધ્યાપકશ્રી દલસીંગભાઈના માર્ગદર્શન હેઠળ સિનીયર તાલીમાર્થીઓએ ખૂબ જ જહેમત ઉઠાવી હતી. વિજેતા રમતવીરોને શિલ્ડ, પ્રમાણપત્ર તેમજ ઈનામ આપી પ્રોત્સાહિત કર્યા હતા.

આચાર્યશ્રી બળદેવભાઈ ચૌધરીએ રમતોત્સવ સારી રીતે સંપન્ન થવા બદલ આભાર વ્યકત કર્યો હતો.

### સિદ્ધાર્થ લૉ કૉલેજમાં વક્તૃત્વ સ્પર્ધા યોજાઈ

ગાંધીનગરના સેક્ટર-૧૬ ખાતે આવેલ સિદ્ધાર્થી લૉ-કોલેજમાં 'ફરજીયાત મતદાન લોકસાહીમાં અનિવાર્યતા' વિષય પર ડીબેટ સ્પર્ધા યોજવામાં આવી હતી. તેમજ 'વેલ્યુ એજ્યુકેશન' વિષય પર સેમિનાર યોજાયો હતો. બન્ને સ્પર્ધામાં મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. સમગ્ર કાર્યક્રમનું સંચાલન કોલેજના પ્રિન્સિપાલના માર્ગદર્શન હેઠળ કરવામાં આવ્યું હતું.

# કિનારે પહોંચવું સહેલું નથી હોતું દોસ્ત સાગરના મોઢે પણ ફીણ આવી જાય છે!

## (Life is Struggle)

### અદબ પલાઠી મોં પર આંગળી

\- ડો. સંતોષ દેવકર

સંઘર્ષ વગર જીવન શકય નથી. સફળતા પાછળ સઘન અને સખત પરિશ્રમ છુપાયેલો હોય છે. કયારેય કોઈ સિદ્ધિ રાતોરાત મળી જતી નથી.ટોચ પર પહોંચવા માટે કયારેય કોઈ સીધો રસ્તો હોતો નથી. કાંટાળા પંથ પર પોતાના ચીલે ચાલનારો પથિક સિદ્ધિને વરે છે. પરંતુ કરૂણતા એ છે કે આજે પરિશ્રમ વગર સફળતા મળે તેવા પ્રયત્નો થતા જોવા મળે છે. જે અંતે નિષ્ફળતા સુધી લઈ જાય છે. ટોચ પર પહોંચવાનો માર્ગ હંમેશા કાંટાળો અને સાંકડો હોય છે. ટોચ પર ખૂબજ ઓછી જગ્યા હોય છે જયારે તળેટીમાં અધધધ. ટોચ પર પહોચનાર વ્યકિત પોતાનું ધ્યેય નકકી કરીને દૃઢતાપૂર્વક માર્ગમાં આવનાર મુશ્કેલીઓને પાર કરીને સફળતા મેળવે છે.

સંઘર્ષનું મૂલ્ય ત્યારે જ છે જયારે સફળતા મળે. સફળતા વિના સંઘર્ષનું કોઈ મૂલ્ય હોતું નથી. તમે મઝધારમાં અટવાયા કે ફસાયા હો, કેટલી મુશ્કેલીઓનો સામનો કર્યો, કેટલા અને કેવા સંઘર્ષ કર્યા. દુનિયાને આની સાથે કોઈ લેવા દેવા નથી. પરંતુ તમારી નૌકા કિનારે પહોંચી કે નહિ એ મહત્ત્વનું છે. તમે કંડારેલી કેડી પર લોકો ત્યારે જ ચાલવાનું પસંદ કરે જયારે તમે મૂલ્યવાન હાંસલ કર્યુ હોય.


એક નવયુવાન, તેને વ્યવસાય કરવો છે. સુંદર વ્યવસાય કરવો છે. હામ અને હિંમત છે. કૌશલ્ય છે પરંતુ પૈસા નથી. પોતાની પત્ની પાસેથી રૂપિયા દસ હજાર ઉછીના -ઉધાર લઈને એક કંપનીની શરૂઆત કરે છે. કેટલાક મિત્રો આ વિચાર સાથે જોડાય છે. અથાગ પરિશ્રમ સાથે કંપનીને ભારતના નકશા પર મૂકવાનો વિચાર કરે છે. પરિશ્રમની પરાકાષ્ઠા અને વિચારોની વિશાળતાથી એક સુંદર કંપની આકાર લે છે.

રાષ્ટ્રપિતા મહાત્માગાંધી અને સિંગાપુરના ભૂતપૂર્વ વડાપ્રધાન લી. કુઆન ચેન ના તેઓ પ્રશંસક છે. આ બન્ને વ્યકિઓએ સાચા નેતૃત્વનું પ્રદર્શન કર્યું છે. આ યુવાને આજે દેશમાં ખૂબ મોટું કાઠું કાઢયું છે. સાવ નીચલા સ્તરથી, એક રીતે કહીએ તો શૂન્યથી શરૂઆત કરી, આકરો પરિશ્રમ, નિષ્ઠાપૂર્વક કામ કરી બે દાયકાની અંદર સર્વોચ્ચ સ્થાન પ્રાપ્ત કર્યું એ વ્યકિત બીજા કોઈ નહિ પરંતુ ઈન્ફોસિસના સ્થાપક અને સંચાલન મંડળના પ્રમુખ એન.આર. નારાયણમૂર્તિ. આજે દુનિયાભરમાં ઈન્ફોસિસની ધાક છે. એમની કંપનીમાં લગભગ તેત્રીસ હજાર કર્મચારી કામ કરે છે. કંપનીની કુલ સંપત્તિ ૩૨૫૦૦ કરોડ રૂપિયા છે.

નારાયણમૂર્તિ કહે છે કે માત્ર વિચાર અને વાતો જ ન કરવી પરંતુ હંમેશા પોતાના વિચારોને સાકાર કરી અંતિમરૂપ આપી એને વાસ્તવિક્તામાં પરિવર્તિત કરવું જોઈએ. જો તમારી પાસે કોઈ વિચાર છે તો નવરા બેસી ન રહો. તેને પ્રભાવી રીતે અમલમાં મૂકો.

ઈન્ફોસિસનું નામ વિશ્વ ફલક પર અથાગ પરિશ્રમથી લઈ જનાર નારાયણમૂર્તિ યુવાનોને સંબોધે છે કે - જે કંઈ કહો તે કરી દેખાડો. તમે કોઈને તમારા માર્ગ પર ચાલવાનું ત્યાં સુધી ના કહી શકો, જયાં સુધી તમે તેને એ બતાડવાની ક્ષમતા ન ધરાવો કે, તમે જે કંઈ કહો છો, તેના પર તમે મકકમ પણ રહો છો.

નારાયણમૂર્તિ દૃઢપણે માને છે કે જે લોકો હસતા જોવા મળે છે અને સ્મિતના બદલામાં સ્મિત આપે છે એ જ લોકો અંતે લક્ષ્ય પ્રાપ્ત કરી શકે છે. આનંદને સંપત્તિની જેમ વહેંચવો જોઈએ, તેની



કોઈ કિંમત હોતી નથી, તે અમૂલ્ય છે.એક સામાન્ય મધ્યમવર્ગમાંથી આવનાર ઉત્સાહી યુવાન ઈન્ફોસિસ થકી ભારતને વિશ્વાના નકશા પર તેજસ્વી, સમર્થ દેશ તરીકે મૂકે છે.

અન્ય એક સફળ યુવાનનો દાખલો લઈએ. જમ્મુથી મુંબઈ આવ્યો ત્યારે એક સસ્તી હોટલમાં રહેવાનું નકકી કર્યું જયાં એક મોટા રૂમમાં અનેક લોકો રહેતા હતા. એ પછી પેઈંગ ગેસ્ટ તરીકે રહયો. મુંબઈ આવનારદરેક યુવાન માટે બે પ્રકારની સ્ટ્રગલ હોય છે એક નાણાકીય અને બીજી વ્યાવસાયિક. નવા કલાકાર તરીકે આ યુવાનના કોઈ પોગ્રામ થતા ન હત. આ યુવાનની મુખ્ય મુશ્કેલી એ હતી કે એ જે વાદ્ય વગાડતો એ વાદ્યને લોકો સ્વીકારવા તૈયાર ન હતા. સંગીતજ્ઞો કહેતા આના પર શાસ્ત્રીય ન વાગે. યુવાનને સંગીતકાર તરીકે લોકો સ્વીકારવા તૈયાર નહોતા. એની શકિતની લોકોએ નોંધ જ ન લીધી. તેઓ બસ એમ જ કહેતા કે આ વાજિંત્ર જ ખોટું છે.

લોકો સલાહ આપતા કે બીજા કોઈ વાજિંત્ર સાથે એને વગાડો. કોઈ કહેતું કે અન્ય કોઈ વાજિંત્ર ટ્રાય કરો. આ રીતે લોકો એને હતોત્સાહ કરતા. પરંતુ નિરાશ થાય એ બીજા.

"કાશ્મીરનું ઘર છોડીને આવ્યો હતો તેથી આર્થિક સ્થિતિ પણ ખૂબ નબળી હતી. એવા સંજોગોમાં રાત્રે ભોજનને બદલે એક-બે ગ્લાસ પાણી પીને સૂઈ જતો." આ યુવાન બીજો કોઈ નહિ. આજનો સુવિખ્યાત સંતુર વાદ પં. શિવકુમાર શર્મા.

સંતુરને વિશ્વ ફલક પર એક નવા વાદ્ય તરીકે લઈ જનાર લોકપ્રિય બનાવનાર અને સંતુરના સુરથી નિંદા કરનાર સૌની બોલતી બંધ કરી દેનાર શિવકુમાર શર્મા છે.

મહાન સંતુરવાદક પંડિત શિવકુમાર શર્મા પોતાનો અનુભવ વર્ણવતાં કહે છે કે એ જમાનામાં અમે ટ્રેનના સેકન્ડ કલાસમાં પ્રવાસ કરતા હતા. પ્રોગ્રામ આપવા જતાં હોઈએ તો ટ્રેનમાં સહ પ્રવાસીઓ પૂછતા કે કયાં જાવ છો ? શું કરો છો ? તો હું કહેતો કે સંગીત આપવા જાઉ છું, તો તેઓ પૂછે, શું વગાડો છો ? તો હું કહું કે સંતૂર. તો તેઓ વળી પૂછે આ સંતૂર વળી કઈ ચીજ છે ? કોઈને ખબર જ ન હતી કે સંતૂર શું ચીજ છે. વાતવાતમાં તેઓ કહેતા કે અચ્છા આપ યે બજાતે હૈ ? મગર કામ કયા કરતે હૈ ? આપકા બિઝનેશ કયા હૈ?

વાદ્યનું અસ્તિત્વ સ્થાપિત કરી તેને લોકો સુધી પહોંચાડવાનું ભગીરથ કાર્ય શિવકુમારજીએ કર્યું. શાસ્ત્રીય સંગીત થી માંડીને ફિલ્મોમાં સંગીત આપવા સુધીનું પ્રશસ્ય કાર્ય તેમણે કર્યું. સિલસિલા ફિલ્મમાં તેમણે પ્રથમ સંગીત દિગ્દર્શન કર્યું. ત્યારે દુનિયાભરમાં સંતૂર એક વાદ્ય તરીકે સ્થાપિત થઈ ચૂકયું હતું.

સંતૂર વાદનમાં જે તાકાત છે તેની વાત કરતાં શિવકુમારજી કહે છે પોલેન્ડમાં નીઝ ફેસ્ટીવલમાં અમને આમંત્રણ મળ્યું. અમારી સાથે એક જપાનીજ નીઝ પ્લેયરોનું ગ્રુપ હતું. ઈન્ટરવલ પહેલાં તેમનો અને પછી મારો પ્રોગ્રામ હતો. એ લોકોના કાર્યક્રમ વખતે ઓર્ગન વગાડનારો ઓર્ગનપર હાથ પછાડીને મુકકા મારતો હતો અને ડ્રમ પ્લેયર એટલી તાકાતથી ડ્રમને મીટતો હતો કે તેની દાંડીઓ વારંવાર તૂટી જતી હતી. ગાનારાઓ ખમીસ ફાડીને ફેંકી દેતા હતા. અને જયારે અમારું સંગીત શરૂ થયું ત્યારે એ જાઝ પ્લેયરોનો લીડર અમારી પાસે આવ્યો અને બોલ્યો અમે આપનું સંગીત સાંભળીએ છીએ તો શાંતિનો અનુભવ થાય છે. આ આપણા સંગીતની તાસીર છે. આ વારસો ઉગતા સંગીતકારો જાળવશે તેવી શ્રધ્ધા છે.

**મિસરી -**

"કહો ઉસ ખુદાસે કી
નાંવકા લંગર હટાદે
આજ હમ તુફાનોકી
જીદ દેખના ચાહતે હૈ !"

**(SMS- શ્યામલ એમ. વ્યાસ(નવોદિત સંગીતજ્ઞ)**